## અગ્રતાક્રમ –૯
## (નેગેટીવ પ્રશ્નનો જવાબ)

**પ્રસ્તાવના:**

**માન.અધ્યક્ષશ્રી**

તા. ૧૨ એપ્રિલ, ૨૦૨૩થી યુ.જી.સી. એ તા. ૧૧ મી અપ્રિલ, ૨૦૨૩થી જે કાયદો વિદ્યાર્થી ફરિયાદ નિવારણ અધિનિયમ–૨૦૨૩ની અમલવારી માટે જરુરી સૂચનાઓની અમલવારી ૩૦ દિવસમાં કરવા માટે આદેશ કર્યો. તા. ૧૨ મે સુધી અમલવારી કરવાની હતી. તે બાબતે યુ.જી.સી. એ સ્મૃતિપત્રો કર્યા હતા. ડેડલાઈન ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી જે યુનિવર્સિટીએ અમલવારી ન કરી તેમને ડીફોલ્ટર યાદીમાં મુકવામાં આવ્યા હતા. તા.૧૧મી જાન્યુઆરી, ૨૦૨૪ ના પત્રથી પબ્લીક નોટીસથી ડીફોલ્ટર યાદી પ્રસિધ્ધ કરેલ જેમાં કૃષિ યુનિવર્સિટીઓના નામ ડીફોલ્ટર નામો યાદીમાં આવ્યા પછી લોકપાલની નિયુકિત કરવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી. જે અંતર્ગત જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ તા.૦૧.૦૨.૨૦૨૪ના રોજ લોકપાલની નિયુકિત કરી અને તા.૦૨.૦૨.૨૦૨૪ના રોજ UGCને ઈમેલથી જાણ કરી. આણંદ કૃષિ યુનિવર્સિટીએ તા.૨૫.૦૧.૨૦૨૪ના રોજ લોકપાલની નિયુકિત કરી અને તા.૧૨.૦૨.૨૦૨૪ના રોજ

UGCને ઈમેલથી જાણ કરી. દાંતિવાડા કૃષિ યુનિવર્સિટીએ તા.૦૮.૦૨.૨૦૨૪ના રોજ લોકપાલની નિયુકિત કરી અને તા.૦૮.૦૨.૨૦૨૪ના રોજ UGCને ઈમેલથી જાણ કરી તેમજ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીએ તા.૦૯.૦૨.૨૦૨૪ના રોજ લોકપાલની નિયુકિત કરી અને તા.૨૧.૦૨.૨૦૨૪ના રોજ UGCને ઈમેલથી જાણ કરેલ હતી. નવસારી કૃષિ યુનિવર્સિટીનું નામ ડીફોલ્ટર યાદીમાં નામ ન હતું કારણ કે આ યુનિવર્સિટીએ ૩૧–ડીસેમ્બર ૨૦૨૩ પહેલા એટલે કે તા.૧૧.૦૯.૨૦૨૩ના રોજ લોકપાલની નિમણુંક કરી દીધેલ હતી. જેથી ડીફોલ્ટર યાદીમાં આવેલ કૃષિ યુનિવર્સિટીઓએ UGCને લોકપાલની નિમણુંક કર્યા બાબતની જાણ કરેલ હોવાથી હવેથી તેમના નામ ડીફોલ્ટર યાદીમાં હોવા બાબતે હવે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અગ્રતા ક્રમ –૯**

**પ્રશ્ન –૧ : લોકપાલની સત્તામાં કેવી ફરિયાદોનો સમાવેશ થાય છે અને તેનું નિરાકરણ કેટલા સમયમાં આપવાનું હોય ?**

**જવાબ:–**

**માન. અદયક્ષશ્રી,**

કોલેજામાં થતા ભેદભાવ, પરીક્ષા કે પરિણામ નિયત સમય કરતા મોડું આયોજન, કોલેજો દ્બારા લોભામણી અને છેતરામણી જાહેરાતોના કારણે વિદ્યાર્થીઓને થતી સમસ્યાઓ, વાયદો કરાયેલી સુવિધાઓ ન આપવી, વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણથી વંચિત રાખવા, પ્રવેશ પ્રક્રિયામાં ગેરરીતિ વગેરે જેવી પ્રક્રિયાઓમાં લોકપાલ વિદ્યાર્થીઓને સહાયરૂપ થાય છે. આજના સમયમાં જ્યારે ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓએ વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી કરી હોય તેવા કિસ્સાઓ વધી રહ્યા છે ત્યારે આ પ્રકારની જોગવાઈની ખાસ જરૂરિયાત છે.

આ બધી ફરિયાદ માટે યુનિવર્સિટીઓએ ઓનલાઈન પોર્ટલ તૈયાર કરવાનું રહેશે. ૩૦ દિવસના સમયગાળામાં લોકપાલે ફરિયાદોના નિરાકરણ માટે તમામ પ્રયાસો કરવાના રહે.

## માન.ધારાસભ્યશ્રી સરદારસિંહ ચૌધરી (ખેરાલું)

### અગ્રતાક્રમ –૯

**પ્રશ્ન–૧ : લોકપાલની નિમણુંક શા માટે જરૂરી છે  અને તેના ધારાધોરણ શું છે ?**

**જવાબ:–**

**માન.અધ્યક્ષશ્રી**

યુનિવર્સિટી ગ્રાંટ કમિશન (યુ.જી.સી.)દ્વારા તેમના જાહેરનામા **D.O.No.F1-13/2022 (CPP-II), Dt.11/04/2023** થી લોકપાલની નિમણૂંક અને તેના ધારાધોરણ નક્કી કરવામાં આવેલ છે. **2019**ના વર્ષના નિયમો મુજબ યુ.જી.સી.એ વિદ્યાર્થીઓની ફરિયાદ નિવારણ સમિતિને જાળવી રાખી છે જે અનુસૂચિત જાતિ (**SC), અનુસૂચિત જનજાતિ (ST),** અન્ય પછાત વર્ગ (**OBC),** લઘુમતીઓ**,** દિવ્યાંગો કે મહિલાઓ સાથે સંબંધિત વિદ્યાર્થીઓના કથિત ભેદભાવની ફરિયાદો પર વિચાર કરશે. નવા દિશા–નિર્દેશોમાં યુનિવર્સિટી અને યુનિવર્સિટી સાથે સંકળાયેલી

કોલેજો/સંસ્થાનોના વિદ્યાર્થીઓની ફરિયાદના નિકાલ માટે લોકપાલની નિમણૂંકની જોગવાઈ પણ કરાઈ છે.

લોકપાલ તરીકે નિવૃત્ત વાઈસ ચાન્સેલર, નિવૃત્ત પ્રોફેસર, ૭ ડીન, એચઓડી કે રાજ્ય, કેન્દ્રીય યુનિવર્સિટીઓ, રાષ્ટ્રીય સંસ્થાઓ, ડીમ્ડ યુનિવર્સિટીઓમાં પ્રોફેસર તરીકે ૧૦ વર્ષનો અનુભવ ધરાવતાં હોય અથવા નિવૃત્ત જિલ્લા ન્યાયધીશ હોય તેમની નિયુક્તિ કરી શકાશે. લોકપાલની નિમણૂંક ત્રણ વર્ષના સમયગાળા માટે અને પદગ્રહણ કર્યાની તારીખથી ૭૦ વર્ષની ઉંમર થાય તે બે પૈકી વહેલું હોય તે પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે. બીજી મુદત માટે પણ તેઓ લાયક રહેશે. લોકપાલને પ્રતિ દિવસ એક બેઠક ફી પ્રમાણે ફી અને વાહન વ્યવહાર માટે થયેલા ખર્ચ પણ આપવાના રહેશે. યુનિવર્સિટી લોકપાલને, સાબિત ગેરવર્તણૂંક અથવા ગેરવર્તનના આરોપસર પદથી દૂર પણ કરી શકાશે.

લોકપાલની નિયુક્તિમાં તેમના સંસ્થા સાથેના વ્યક્તિગત સંબંધો, વ્યવસાયિક સંબંધો કે આર્થિક હિતના કારણે નિર્ણય લેવાની સ્વતંત્રતા સાથે સમાધાન ન થાય તે જોવાનું રહેશે.

# પુરક માહિતી / વધારાના પ્રશ્નોના જવાબો

## અગ્રતાક્રમ –૯

**પ્રશ્ન–૧ : યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનનાં (વિદ્યાર્થીઓનાં ફરિયાદ નિવારણ) રેગ્યુલેશન–૨૦૨૩ની અગત્યની જોગવાઈઓ**

**જવાબ:–**

**માન.અધ્યક્ષશ્રી...**

- વિદ્યાર્થીની કોઈ શૈક્ષણિક બાબતેની ફરીયાદ હોય અને તે ફરીયાદને વિદ્યાર્થીએ યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓના ફરીયાદ નિવારણ પોર્ટલ પર કરવાની રહે છે.
- જે ફરીયાદ વિદ્યાર્થીઓની ફરીયાદ નિવારણ સમિતિને ઓનલાઈન સબમીટ થાય છે.
- વિદ્યાર્થીઓની ફરીયાદ સમિતિને મળ્યાના ૧૫ દિવસની અંદર યોગ્ય ભલામણ સાથે તેનો રીપોર્ટ સક્ષમ સત્તાધીશ ને રજૂકરવાનો રહે છે.
- જે બાબતે વિદ્યાર્થી જો સંતુષ્ઠ ન હોય તો, વિદ્યાર્થી યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનનાં (વિદ્યાર્થીઓનાં ફરિયાદ

નિવારણ) રેગ્યુલેશન–૨૦૨૩ મુજબ ૧૫ દિવસની અંદર લોકપાલને રજૂઆત કરી શકે છે.

- લોકપાલ આવા વિદ્યાર્થીઓની (પરીક્ષાના સંચાલનમાં અથવા મૂલ્યાંકનની પ્રક્રિયામાં ગેરરીતિ બાબતેની) અપીલ સાંભળે છે. જેમાં જરૂર પડ્યે તે amicus curiae (ન્યાય મિત્ર)ની પણ મદદ લઈ શકે છે અને તેને ફરીયાદ મળ્યાનાં ૩૦ દિવસના સમયગાળામાં ફરિયાદોના નિરાકરણ માટે તમામ પ્રયાસો કરી તેનો ઉકેલ લાવવાનો હોય છે.
- લોકપાલને પરીક્ષા બાબતે પુનઃમૂલ્યાંકન તેમજ રી–ટોટલીંગ જેવી બાબતોને ધ્યાને લેવાની રહેતી નથી.

જો ફરિયાદ ખોટી અથવા વ્યર્થ હોવાનું જણાય તો લોકપાલ ફરિયાદી સામે યોગ્ય પગલાં લેવા ભલામણ કરી શકે છે.

## પ્રશ્ન–૨ : લોકપાલ સમક્ષ વિદ્યાર્થીઓ કેવા પ્રકારની ફરિયાદો કરી શકે?

**જવાબ:–**

યુનિવર્સિટી/કોલેજોમાં અભ્યાસ કરતા અને અભ્યાસ અર્થે પ્રવેશ લેવા માંગતા વિદ્યાર્થીઓને એડમીશન, મેરીટ લીસ્ટ, એડમીશન પ્રક્રિયા, પ્રોસ્પેક્ટસ પ્રકાશિત કરવા બાબત, એડમીશન રદ કરતા પ્રમાણપત્રો પરત નહિ કરવા બાબત, એડમીશન નીતિમાં દર્શાવ્યા સિવાયના નાણાની માંગણી, અનામત નીતિ, સ્કોલરશીપની ચૂકવણી, પરીક્ષાઓના આયોજન અને પરિણામો, વિદ્યાર્થીઓનું અયોગ્ય અને બિન પારદર્શક મૂલ્યાકંન, ફી રીફંડ, SC/ST/OBC/ મહિલા/વિકલાંગ વિદ્યાર્થીઓ પ્રત્યે ભેદભાવના આરોપ તેમજ ગુણવત્તા યુક્ત શિક્ષણ જેવી ફરીયાદો કરવાની જોગવાઈ થયેલ છે.

## પ્રશ્ન–૩ : લોકપાલની નિમણૂક શા માટે મોડી કરવામાં આવી? તેના કારણો

**જવાબ:–**

રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ માટે ભારત સરકારના કૃષિ વિભાગ હસ્તકની સેન્ટ્રલ રેગ્યુલેટરી બોડી ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR), ન્યુ દીલ્હી તરફથી અમલવારી કરવા માટે સીધી સુચના ન હતી આમછતા UGC દ્વારા પબ્લિક નોટીસ જાહેર થતા વિદ્યાર્થીઓના બહોળા હીતમાં લોકપાલની નિમણૂક કરવામા આવેલ છે.

તદઉપરાંત વિદ્યાર્થીઓનાં ફરિયાદ નિવારણ માટે ઓનલાઈન પોર્ટલ પણ કાર્યરત છે.

તથા યુનિવર્સિટીઓની વેબ સાઈટ આ પ્રમાણે છે (૧) આણંદ કૃષિ યુનિવર્સિટી aau.in (૨) નવસારી કૃષિ યુનિવર્સિટી nau.in (3) જુનાગઢ કૃષિ યુનિવર્સિટી jau.in (૪) સરદાર કૃષિ નગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી sdau.edu.in

**અગ્રતાક્રમ –૯**

## પ્રશ્ન–૪ : કૃષિ યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂક થયા પહેલા વિદ્યાર્થીઓના ફરિયાદ નિવારણ અંગે શુ વ્યવસ્થા હતી?

**જવાબ:–**

રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓમાં તમામ અભ્યાસક્રમો રેસીડેન્સીયલ પ્રકારના છે અને હોસ્ટેલમાં હોસ્ટેલ આસીસ્ટન્ટ, આસીસ્ટન્ટ રેકટર અને રેકટર દ્વારા વિદ્યાર્થીઓ સાથે સીધુ પરામર્શ રાખવામાં આવે છે. તદઉપરાંત, કોલેજ કક્ષાએ દરેક વિદ્યાર્થી માટે સ્ટુડન્ટ કાઉન્સીલ તરીકેની વ્યવસ્થા પણ અમલમાં છે. કૃષિ યુનિવર્સિટીઓનાં નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓનાં પ્રમુખ પદ હેઠળ વિવિધ કોલેજોનાં આચાર્ય અને ડીનશ્રીઓ તેમજ પ્રાધ્યાપકશ્રીઓની સમિતિ દ્વારા વિદ્યાર્થીઓની ફરીયાદનું નિરાકરણ કરવામાં આવે છે. તેમજ યુનિવર્સિટી કક્ષાની એન્ટી રેગીંગ કમિટી, મહિલા જાતિય સતામણી સમિતિ, SC/ST સેલ, વિદ્યાર્થી પ્રતિનિધિ પરિષદ

(SRC) જેવું મિકેનિઝમ કાર્યરત છે. વિદ્યાર્થી પ્રવેશ પ્રક્રિયા તેમજ શિક્ષણને લગતી તમામ કામગીરી માટે કૃષિ યુનિવર્સિટીઓમાં સંયુક્ત એડમીશન કમિટી અને એકેડેમીક કાઉન્સિલ કાર્યરત છે. વધુમાં, કૃષિ યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓના કોઈપણ પ્રકારની ફરિયાદની તપાસ અને નિરાકરણ માટે સમિતિ બનાવવાની સ્ટેચ્યુટરી જોગવાઈ છે.

## પ્રશ્ન–૫ : યુજીસી દ્વારા લોકપાલ નિમણૂક માટે યુનિવર્સિટીઓને જાણ કરવામાં આવી ત્યારબાદ યુનિવર્સિટીઓએ શું કાર્યવાહી કરી?

**જવાબ:–**

યુજીસી દ્વારા લોકપાલ નિમણૂક માટે યુનિવર્સિટીઓને જાણ કરવામાં આવી ત્યારબાદ કૃષિ યુનિવર્સિટીઓએ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનનાં (વિદ્યાર્થીઓનાં ફરિયાદ નિવારણ) રેગ્યુલેશન–૨૦૨૩ની જોગવાઇઓ મુજબ વિદ્યાર્થીઓની ફરીયાદ નિવારણ સમિતિની તથા લોકપાલની નિમણૂક કરેલ છે અને તેની જાણ યુજીસીને પણ કરેલ છે. વધુમાં, સદર બાબતેનું પોર્ટલ તૈયાર કરી યુનિવર્સિટીઓની વેબસાઇટ પર મુકેલ છે. અને યુનિવર્સિટી વેબસાઈટ ઉપર સ્ટુડન્ટ કોર્નર (Student corner) પણ કાર્યરત છે.

## પ્રશ્ન–૬ : કૃષિ યુનિવર્સિટીઓમાં Students Grievance Redressal Committee (SGRC) ક્યારથી રચના કરેલ છે?

**જવાબ:–**

- નવસારી કૃષિ યુનિવર્સિટીમાં તા.૧૧.૦૯.૨૦૨૩
- આણંદ કૃષિ યુનિવર્સિટીમાં તા.૨૫.૦૧.૨૦૨૪
- જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં તા.૦૧.૦૨.૨૦૨૪
- દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં તા.૦૮.૦૨.૨૦૨૪
- ગુજરાત નેચરલ ફાર્મીંગ સાયન્સ યુનિવર્સિટીમાં તા.૦૮.૦૨.૨૦૨૪થી રચના કરેલ છે.

**પ્રશ્ન–૭ : કૃષિ યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂંક કોની અને કઈ તારીખે કરેલ છે?**

**જવાબ:–**

- જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી– **ડો. બી. કે. સગારકા, નિવૃત વિસ્તરણ શિક્ષણ નિયામક, જૂનાગઢ. નિમણૂંક તારીખ–** ૦૧.૦૨.૨૦૨૪
- આણંદ કૃષિ યુનિવર્સિટી– **ડો. સી.એચ. બાબરીયા, નિવૃત પ્રાધ્યાપક અને વડા, ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી. નિમણૂંક તારીખ–** ૨૫.૦૧.૨૦૨૪
- નવસારી કૃષિ યુનિવર્સિટી– **ડો. આર.એમ. નાયક, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ,નવસારી. નિમણૂંક તારીખ–** ૧૧.૦૯.૨૦૨૩
- દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી– **ડો. બી. આર. શાહ, પૂર્વ કુલપતિશ્રી, ગુજરાત ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટી. નિમણૂંક તારીખ–** ૦૮.૦૨.૨૦૨૪
- ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી– **ડો. એ. આર. પાઠક, નિવૃત સંશોધન નિયામકશ્રી, આણંદ. નિમણૂંક તારીખ–** ૦૯.૦૨.૨૦૨૪

**અગ્રતાક્રમ –૯**

**પ્રશ્ન–૭ : કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા લોકપાલની નિમણુંક થયા બાદ UGCને ક્યારે જાણ કરવામાં આવી ?**

**જવાબ:–**

- જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ તા.૦૧.૦૨.૨૦૨૪ના રોજ લોકપાલની નિયુક્તિ કરી અને તા.૦૨.૦૨.૨૦૨૪ના રોજ UGCને ઈમેલથી જાણ કરી.
- આણંદ કૃષિ યુનિવર્સિટીએ તા.૨૫.૦૧.૨૦૨૪ના રોજ લોકપાલની નિયુક્તિ કરી અને તા.૧૨.૦૨.૨૦૨૪ના રોજ UGCને ઈમેલથી જાણ કરી.
- દાંતિવાડા કૃષિ યુનિવર્સિટીએ તા.૦૮.૦૨.૨૦૨૪ના રોજ લોકપાલની નિયુક્તિ કરી અને તા.૦૮.૦૨.૨૦૨૪ના રોજ UGCને ઈમેલથી જાણ કરી
- ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીએ તા.૦૯.૦૨.૨૦૨૪ના રોજ લોકપાલની નિયુક્તિ કરી અને તા.૨૧.૦૨.૨૦૨૪ના રોજ UGCને ઈમેલથી જાણ કરેલ હતી.
- નવસારી કૃષિ યુનિવર્સિટીએ તા.૧૧.૦૯.૨૦૨૩ના રોજ લોકપાલની નિયુક્તિ કરી અને તા.૧૧.૦૯.૨૦૨૩ના રોજ UGCને ઈમેલથી જાણ કરી

# યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (વિદ્યાર્થીઓની ફરિયાદોનું નિવારણ) રેગ્યુલેશન્સ, 2023 અન્વયે યુનિવર્સિટી ખાતે લોકપાલની નિમણૂંક,

વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (યુ.જી.સી.)નું તા. ૧૧/૦૪/૨૦૨૩ નું નોટીફીકેશન F.1-13/2022(CPP-II) મુજબ દરેક યુનિવર્સિટી ખાતે લોકપાલની નિમણૂંક કરવા જણાવેલ છે. જે મુજબ કૃષિ યુનિવર્સિટીઓએ નીચે જણાવ્યા મુજબની કાર્ય પદ્ધતિથી લોકપાલની નિમણુક કરેલ છે.

## આણંદ કૃષિ યુનિવર્સિટી

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (વિદ્યાર્થીઓની ફરિયાદોનું નિવારણ) રેગ્યુલેશન્સ, 2023 ના સંદર્ભમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ફરિયાદોના નિવારણ માટે લોકપાલની નિમણૂક નીચેની શરતોને આધીન કરવામાં આવેલ છે.

(૧) લોકપાલ તરીકે નિવૃત્ત કુલપતિ અથવા નિવૃત્ત પ્રોફેસર (ડીન/યુનિટ વડા) અને રાજ્ય/કેન્દ્રીય યુનિવર્સિટીઓ/સંસ્થાઓમાં પ્રોફેસર તરીકે ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા હોય અથવા ભૂતપૂર્વ જિલ્લા ન્યાયાધીશ તરીકે રહ્યા હોય.

(૨) લોકપાલ નિમણૂંક સમયે, નિમણૂંક પહેલાના એક વર્ષ દરમ્યાન, અથવા લોકપાલ તરીકેનો તેમનો/તેણીના કાર્યકાળ દરમ્યાન, તે સંસ્થા સાથે હિતના સંઘર્ષમાં હોય જ્યાં તે/તેણી વ્યક્તિગત સંબંધો, વ્યવસાયિક જોડાણો અથવા નાણાકીય જોડાણ ધરાવતા ન હોય.

(૩) લોકપાલની નિમણૂંક ૩ વર્ષના સમયગાળા માટે અથવા તે/તેણી ૭૦ વર્ષના થાય ત્યાં સુધીની રહેશે (પદ સંભાળ્યાની તારીખથી, જે વહેલું હોય) અને તે માટે પુન:નિયુક્તિ માટે પાત્ર રહેશે.

આણંદ કૃષિ યુનિવર્સિટીના પૂર્ણકાલિન મુખ્ય સત્તાધીશ તરીકે માન. કુલપતિશ્રીએ વિદ્યાર્થીઓની ફરિયાદ નિવારણ સમિતિ– ૨૦૨૩ અધિનિયમની જોગવાઈ અન્વયે ઉક્ત

લાયકાતો પરિપુર્ણ કરતા **ડૉ. સી. એચ. બાબરિયા, નિવૃત પ્રિન્સીપાલ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી અને નિયામકશ્રી, જી. જે. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રીસર્ચ, સી.વી.એમ. વિદ્યાનગર, આણંદની લોકપાલ તરીકે તા.૨૫.૦૧.૨૦૨૪ થી નિમણૂંક કરેલ છે.**

## નવસારી કૃષિ યુનિવર્સિટી

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (વિદ્યાર્થીઓની ફરિયાદ નિવારણ) રેગ્યુલેશન્સ, 2023 અને ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ–2004ની કલમ 45 અન્વયે માનનીય કુલપતિશ્રીને એનાયત થયેલ સત્તાની રૂએ એ વિદ્યાર્થીઓના હિતમાં નવસારી કૃષિ યુનિવર્સિટીની વિદ્યાર્થી ફરિયાદ નિવારણ સમિતી (SGRC) ની રચના કરવાની મંજૂરી આપી છે. વિદ્યાર્થી કલ્યાણના નિયામક **ડૉ. આર.એમ. નાયકને લોકપાલ તરીકે નિમણુંક કરવા માન. કુલપતિશ્રી દ્વારા સૂચવવામાં આવેલ છે જે અનુસાર વિદ્યાર્થી કલ્યાણના નિયામક ડૉ.આર.એમ. નાયકની લોકપાલ તરીકે તા. ૧૧.૦૯.૨૦૨૩ થી નિમણુંક કરવામાં આવેલ છે.** નવસારી કૃષિ યુનિવર્સિટીના સુમેળ ભર્યા વાતાવરણમાં એક પણ પ્રશ્ન કે રજૂઆત આવી નથી. સમિતિના તમામ સભ્યો તથા વિદ્યાર્થીઓ સંતોષકારક પરિસ્થિતિનો અનુભવ કરી રહ્યા છે.

## જુનાગઢ કૃષિ યુનિવર્સિટી

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (વિદ્યાર્થીઓની ફરિયાદ નિવારણ) રેગ્યુલેશન્સ, 2023 ના નંબર 6 ની લોકપાલ નિમણુંકની જોગવાઈઓ ધ્યાને લઈ તેમજ ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ–2004ની કલમ 45 અન્વયે માનનીય કુલપતિશ્રીને એનાયત થયેલ સત્તાની રૂએ વિદ્યાર્થીઓના બહોળા હિતને ધ્યાને લઈ **લોકપાલ તરીકે ડૉ. બી.કે. સાગરકા, નિવૃત વિસ્તરણ શિક્ષણ નિયામક, જૂનાગઢ ની નિમણૂક તા.૦૧.૦૨.૨૦૨૪ થી કરવામાં આવેલ છે.**

# સરદાર કૃષિનગર દાંતીવાડા  કૃષિ યુનિવર્સિટી

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (વિદ્યાર્થીઓની ફરિયાદોનું નિવારણ) રેગ્યુલેશન્સ, 2023 ના સંદર્ભમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ફરિયાદોના નિવારણ માટે લોકપાલની નિમણૂક કરવાની થાય છે. નોટીફિકેશન મુજબ નીચેની શરતોને આધીન લોકપાલ તરીકેની નિમણૂંક કરવામાં આવેલ છે.

(૧) લોકપાલ તરીકે નિવૃત્ત કુલપતિ અથવા નિવૃત્ત પ્રોફેસર (જેમણે કામ કર્યુ હોય છે) (ડીન/યુનિટ વડા) અને રાજ્ય/કેન્દ્રીય યુનિવર્સિટીઓ/સંસ્થાઓમાં પ્રોફેસર તરીકે ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા હોય અથવા ભૂતપૂર્વ જિલ્લા ન્યાયાધીશ તરીકે રહ્યા હોય.

(૨) લોકપાલ નિમણૂંક સમયે, નિમણૂંક પહેલાના એક વર્ષ દરમ્યાન, અથવા લોકપાલ તરીકેનો તેમનો/તેણીના કાર્યકાળ દરમ્યાન, તે સંસ્થા સાથે હિતના સંઘર્ષમાં હોય જ્યાં તે/તેણી વ્યક્તિગત સંબંધો, વ્યવસાયિક જોડાણો અથવા નાણાકીય જોડાણ ધરાવતા ન હોય.

(૩) લોકપાલની નિમણૂંક ૩ વર્ષના સમયગાળા માટે અથવા તે/તેણી ૭૦ વર્ષના થાય ત્યાં સુધીની રહેશે (પદ સંભાળ્યાની તારીખથી, જે વહેલું હોય) અને તે માટે પુન:નિયુક્તિ માટે પાત્ર રહેશે.

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના  પૂર્ણકાલિન મુખ્ય સત્તાધીશ તરીકે માન. કુલપતિશ્રીએ વિદ્યાર્થીઓની ફરિયાદ નિવારણ સમિતિ– ૨૦૨૩  અધિનિયમની જોગવાઈ અન્વયે ઉક્ત લાયકાતો પરિપુર્ણ કરતા **ડૉ. ભરતભાઈ આર. શાહ, ભૂતપૂર્વ (નિવૃત્ત) કુલપતિશ્રી, ગુજરાત ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટી, ગાંધીનગરની લોકપાલ તરીકે તા.૦૮.૦૨.૨૦૨૪ થી નિમણૂંક કરેલ છે.**

# ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી દ્વારા વિદ્યાર્થીઓની ફરિયાદોનું નિવારણ) રેગ્યુલેશન્સ– ૨૦૨૩ ની જોગવાઈ મુજબ **ડો. એ. આર. પાઠક, નિવૃત સંશોધન નિયામકશ્રી, આણંદને લોકપાલ તરીકે તા.– ૦૯.૦૨.૨૦૨૪ના નિમણુક કરેલ છે.**